શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૨૩
અંક : ૨

## સંસ્થાની યાત્રા–૫

સંસ્થાની કામગીરીનો વ્યાપ વધતો રહયો વર્ષ ૨૦૦૭/૦૮માં સંસ્થાનો પ્રથમ વાર્ષિક અહેવાલ પ્રસિધ્ધ કર્યો અને આ અહેવાલ વિતરણ કરવામાં આવ્યો. શિયાળબેટ અને રાણાવાવ ખાતે વિજળી પહોંચી શકી ન હોવાના કારણે તેનો વિકલ્પ શોધવા માટે પ્રયાસ કરવામાં આવ્યો. આ સમય દરમ્યાન કૃષિ ઉત્પાદકતા વધારવાની પદ્ધતિનાં અભ્યાસ માટે જયપુર પ્રેરણા પ્રવાસનું આયોજન કર્યુ. વર્ષ દરમ્યાન સંસ્થા દ્વારા આંગણવાડી બહેનોને તાલીમ, પેપર રીસાઈકલીંગ તાલીમ, સ્ત્રી હિંસા વિરોધી ઝુંબેશ, એલઆઈસીની જીવન મધુર યોજનામાં ૩૯૮ લોકોનું જોડાણ કર્યુ. ઘન–પ્રવાહી કચરાનાં નિકાલ માટે નગરપાલિકા સાથે સંવાદો કર્યા અને ડોર ટુ ડોર કલેકશનની સિસ્ટમ ઉભી કરવાની વિચારણા થઈ. ૧૦૪૦ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ, ૧૩ મહીલા જુથને વ્યવસાય માટે પ્રારંભિક મુડી અને ૧ એચઆઈવી ફેમીલીને રાશનની વ્યવસ્થા ઉભી કરવામાં આવી.

પ્રવાહ નેટવર્કના સહયોગથી વર્ષ ૨૦૦૭ થી ૨૦૦૯ દરમ્યાન ખાંભા તાલુકાનાં ૭ ગામોમાં સ્વચ્છતા અંગે લોક અભિયાન શરૂ કર્યુ. કલીન ઈન્ડિયા અંતર્ગત ૪ શાળાઓ તથા એક કોમ્યુનીટીમાં પાણીની ગુણવત્તા માપક યંત્ર અને ફિલ્ટર પ્લાન્ટ શરૂ કર્યો.

ખેડૂતોની મુશ્કેલીઓ સમજવા ખેડૂત સંશોધકો સાથે વાર્તાલાપ. કૃષિ ઉત્પાદકતા વૃધ્ધિ અને આપત્તિજન્ય જોખમો ઘટાડવા માટે એઆઈસી અને સજ્જતા સંઘ સાથે રહી ૧૫ ગામોમાં હવામાન આધારિત વર્ષા વિમાની કામગીરી. શિક્ષણ સંશોધન, એકલનારીની મુશ્કેલીઓ અને જમીન માલિકી હક્ક માટે સર્વેક્ષણ કર્યુ.

૨૦૦૯–૧૦માં કાર્યકરોએ સામાજિક ઓડીટની સમજ, યુવકોને તાલીમ, પેરાલીગલ તાલીમ, એકલનારી મીટીંગ, ગ્રામ્ય આરોગ્ય સમિતિને તાલીમ, સંસ્થાની માન્યતા માટે આકારણી, પેપર રીસાયકલ, જેન્ડર તાલીમ, સ્ત્રી હિંસા વિરોધી પખવાડીયાની ઉજવણી અને માનવ અધિકાર માટે રેલી, કન્યા જન્મ દર વધારવા માટે જીલ્લા વહીવટી તંત્ર સાથે જીલ્લા સ્તરીય પરિસંવાદ. સ્લમ વિસ્તારનાં બાળકો માટે ૭૯૦ જેટલી શૈક્ષણિક કીટનું વિતરણ.

(ક્રમશઃ)

– રમેશભાઈ સોલંકી

**ઉંમર સાથે કંઈ લેવા–દેવા નથી, એકબીજાના વિચારો મળે ત્યાં જ દોસ્તી થાય છે.**

## કૃષિલક્ષી પ્રેરણા પ્રવાસ અને ક્ષમતા વર્ધન તાલીમ

ખેત ઉત્પાદક સંગઠનો અને ખેડૂતો પોતાનો વ્યવસાય નફાકારક બની શકે તે માટે નાબાર્ડનાં સહયોગથી તા. ૮ થી ૧૦ ફેબ્રુઆરી દરમ્યાન નવસારી કૃષિ યુનિવર્સીટી, બાયફ લાછકડી અને અમલસાડની મુલાકાત કરી.

નવસારી એગ્રીકલ્ચર યુનિવર્સીટીમાં ડો. સી.કે. ટીંબડીયા ઓર્ગેનિક ખેતી તરફ જવા માટે ખેડુતો સાથે સંવાદ કર્યો. ઓર્ગેનિક ફાર્મની મુલાકાત કરી. શ્રી તુષારભાઈ દેસાઈએ રાસાયણિક દવાનો આડેધડ ઉપયોગ માટે રેડ સિગ્નલ આપતાં જણાવ્યુ કે સમજણ વગરની વધુ પડતી દવાઓ સૃષ્ટિ અને જનજીવન માટે ખતરનાક છે. ઓર્ગેનિક ખેતી માટે જુદા જુદા ખાતરો, દવાઓ બનાવવાનાં ડેમો બતાવ્યા. જેમાં જીવામૃત, વર્મી કમ્પોસ્ટ, નાડેફ દ્વારા ખાતર, બાયો ડીઝાસ્ટર, બાયો પાકોમાં ફળમાખીનાં નિયંત્રણ માટે ટ્રેપની વિગતવાર સમજણ આપી. ઓર્ગેનિક ખેતી પ્લોટમાં કેળ, પપૈયા, હળદર, આંબા, ચીકુ જેવા પાકો અને તેમાં ટપક દ્વારા પિયત વિશે નિદર્શન કર્યુ અને સમજણ કેળવી.

કેળનાં થડમાંથી પ્રોસેસ કરી વિવિધ વસ્તુ બનાવી શકાય છે. તેનો લાઈવ ડેમો નિહાળ્યો. હળદરની ખેતીના પ્લોટની મુલાકાત લીધી. વિવિધ પાકો, વિવિધ રોગો, ખેતર ઓઝાર, ઓર્ગેનિક દવા, જુદી જુદી ટ્રેપો પાણી સંગ્રહની રીતો નિહાળવામાં આવી.



**ઘણીવાર જીવનમાં નવો રસ્તો મેળવવા માટે ભૂલવું પણ જરૂરી છે.**

અમલસાડ સહકારી મંડળીની મુલાકાત દરમ્યાનં વાઈસ ચેરમેન દીપકભાઈ નાયકએ સ્થાપનાથી હાલનાં સમય સુધી કરવામાં આવતી કામગીરીથી વાકેફ કર્યા. આ મંડળી ૧૭ ગામોમાં જન્મથી મરણ સુધીની તમામ સુવિધા સભાસદોને પુરી પાડે છે. જેમાં મંડળીનાં જુદા જુદા વિભાગો જેવા કે ગ્લોસરી, ખાતર, કાપડ અને ચીકુપેકીંગ વિભાગની મુલાકાત લીધી.

લાછકડી બાયફ સંસ્થાની મુલાકાત કરી. જેમાં કમલભાઈ ચૌધરી અને ચપટીયા સાહેબ દ્વારા માર્ગદર્શન પૂરૂ પાડયું. આ સંસ્થા દ્વારા વિવિધ પ્રવૃતિઓ જેમ કે ગાય, આદીવાસીની રોજગારી આરોગ્ય, જીવન જરૂરી સેવાઓ અંગે ટકાઉ આજીવિકા ઉપર કામગીરી કરવામાં આવે છે. જેમ કે વાડી દ્વારા ફળફળાદી, ટ્રેલી સીસ્ટમ દ્વારા શાકભાજી, પાપડ, મશરૂમ જેવા ખેતી વિષયક શિક્ષણ દ્વારા લોકોમાં રોજગારી મળતી થઈ છે. વેલ્યુએડીશન પ્રોસેસ કરી પ્રોડકટનું વેચાણ અને પ્રોસેસીંગ યુનીટ વિશે માહીતી પુરી પાડી છે. બાયફનાં કેમ્પસમાં મેંગો પ્રોસેસીંગ યુનીટની મુલાકાત કરી. જેમાં અથાણા વિભાગ, ટોમેટો કેચઅપ વગેરેનાં વેચાણની માહીતી આપી. ત્રીજા દિવસે હળદર પ્રોસેસીંગ અને કાજુ પ્રોસેસીંગ યુનીટની મુલાકાત કરી અને બંને યુનીટની કાર્ય પધ્ધતિ, વેચાણ અંગે માહીતી મેળવી. આમ,આ પ્રેરણા પ્રવાસથી ખેડુતોને ઉપયોગી માહીતી મળી જેનો ઉપયોગ પોતાની ખેતીમાં કરશે જેની ખેડુતોએ ખાત્રી આપી.

– ભરતભાઈ શિંગડ




**દીકરીનો જમણો પગ એટલે પવિત્ર કુમકુમનો સાથિયો.**

## ઓપન હાઉસ

તા. ૨૨/૦૨/૨૦૨૧નાં રોજ સુળિયા ટીંબા (જકાતનાકા પાસે, કુંકાવાવ રોડ) વિસ્તારમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા ઓપનહાઉસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ચાઈલ્ડલાઈન કો–ઓર્ડીનેટર, કાઉન્સેલર, ટીમ મેમ્બર, ૭૬–બાળકો સહિત ૦૭–વાલીઓએ ભાગ લીધો હતો.

ઓપન હાઉસમાં ઉપસ્થિત સૌનું સ્વાગત કરી ચાઈલ્ડલાઈન ટીમએ પોતાનો પરિચય આપ્યો. આ કાર્યક્રમમાં ભાગ લઈ રહેલા તમામ બાળકોએ પોતાનો પરિચય તેમના નામ તથા તે શું કરે છે તેની વિગતો સાથે આપ્યો હતો.

અમરેલીમાં ચાઈલ્ડ હેલ્પલાઈન સેવાઓ કે જે ભારત સરકારનાં મહિલા અને બાળવિકાસ મંત્રાલય, ચાઈલ્ડલાઈન ઈન્ડિયા ફાઉન્ડેશનના સહયોગથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા કાર્યરત છે. મુશ્કેલીમાં મુકાયેલ બાળકો માટે ઈમરજન્સી ફ્રી હેલ્પલાઈન ૧૦૯૮ અંગે બાળકો અને વાલીઓને અવગત કરાવવામાં આવ્યા.

બાળકોના અધિકાર (જીવીરસ–જીવવાનો, વિકાસનો,રક્ષણનો તથા સહભાગિતાનો), બાળક બીમાર હોય અને તે એકલો હોય, કાળજી રાખનાર ન હોય, રહેઠાણની જરૂર હોય, બાળકને ત્યજી દેવામાં આવ્યું હોય અથવા ગુમ થયેલ હોય, મારપીટ કરવામાં આવતી હોય, બાળક તણાવમાં હોય, ચિંતાગ્રસ્ત હોય, ભણતરનું દબાણ હોય આવા તમામ મુશ્કેલી



**તમને જે જોઈએ છે તે નથી મળતું તે વખતે જે મળે છે તેનું નામ અનુભવ.**

ભરેલા સંજોગોમાં ચાઈલ્ડલાઈન ટીમ બાળક સાથે પરામર્શ (કાઉન્સેલીંગ) કરી યોગ્ય નિવારણ લાવવા પ્રયાસ હાથ ધરવામાં આવે છે તે અંગે માહિતી આપવામાં આવી.

સાયકો સોશિયલ સપોર્ટ અંતર્ગત બાળકો પાસે ચિત્રોમાં રંગ પુરાવવામાં આવ્યા જેથી કોવીડ–૧૯ના સંદર્ભમાં બાળકોનું માનસિક વલણ સકારત્મક બનવામાં મદદ રૂપ થઈ શકે. બાળકોના સંદર્ભમાં આજે રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ અંતર્ગત કૃમિ નાશક ગોળીના ફાયદાઓ અને આરોગ્ય અંગે બાળકો તેમજ વાલીઓને જાણકારી આપવામાં આવી.

ઓપન હાઉસના માધ્યમથી બાળકની સાથે બાળક બની મનમાં ઉદભવતા પ્રશ્નોને જાણવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો. મનોરંજન માટે પંજા ગેમ રમાડી તેમના અભ્યાસ અંગેની વિગતો મેળવી. આ કાર્યક્રમમાં દરેક પ્રવૃતિઓમાં તમામ બાળકોની ઉત્સાહભેર સહભાગિતા રહી હતી.

અંતમાં આ વિસ્તારના આગેવાનો પાસેથી બાળકો સંબંધિત મુશ્કેલી અંગે જાણકારી મેળવવામાં આવી જેમાં સરકારશ્રીની યોજનાઓ જણાવી તેમાં જોડાવાથી થતા લાભો અંગેની માહિતી આપી હતી. અભ્યાસ, આરોગ્ય અને ટેક હોમ રાશન અંગે આંગણવાડીની મુલાકાત કરી જરૂરી માહિતી મેળવી તેની જાણકારી લોકોને આપી કાર્યક્રમ પુર્ણ કરવામાં આવ્યો.

– હિરલ ડોડીયા



**દરેક અસંતોષનું એકમાત્ર કારણ છે 'સરખામણી'**

## વાર્ષિક સ્ટાફ સમીક્ષા મીટીંગ

સંસ્થાની વાર્ષિક સ્ટાફ સમીક્ષા બેઠક તા. ૧૩/૦૨/૨૦૨૧ નાં રોજ મળી. સંસ્થાનાં ડાયરેકટરશ્રી ધીરૂભાઈએ મીટીંગની કાર્યવાહી શરૂ કરતાં પહેલા આજનો મળવાનો હેતુ સ્પષ્ટ કર્યો. સંસ્થાનાં નિયત કરેલા લક્ષ્યને પાર પાડવા માટે જે કંઈ સુઝાવ હોય તે મુકત રીતે રજુ કરવા આહવાન કર્યુ. ત્યારબાદ ધીમા મ્યુઝીક સાથે વર્ષ દરમ્યાન કરેલી લોકહિત પ્રવૃતિ, તેમાં મળેલ સફળતા, કાર્યકરોનાં પ્રયત્નો વગેરે માટે આંખોબંધ કરી આંતર મુલ્યાંકન કરવા, પોતાની જાતને ઢંઢોળવા અને પોતાની જાત સાથે સંવાદ કરવા જણાવ્યુ. સાથે–સાથે મીટીંગમાં પધારેલા સૌ કાર્યકરોનું સ્વાગત કર્યુ અને વૈષ્ણવજન તો તેને કહીએ.... પ્રાર્થનાથી વિધિવત મીટીંગની શરૂઆત કરી.

મીટીંગના સંચાલનકર્તા ભરતભાઈ વાળાએ બધાને આવકાર્યા અને કાર્યક્રમ વાઈઝ રજુઆત કરવા આમંત્રણ આપ્યું. જાનકીબેન પંડયાએ હરીરાજ ચેરીટેબલ ટ્રસ્ટ તથા એસએસકેકેની સંસ્થાકીય વિગતો જેવી કે સ્થાપના, સંસ્થાની પ્રોફાઈલ અને સંસ્થાના ચાલુ વિવિધ કાર્યક્રમ અંગેની વિગતો જણાવી.

**ચાઈલ્ડલાઈન ૧૦૯૮ :** અર્જુન ઝાંઝરુકીયાએ આ સેવાઓનાં હેતુઓ, કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી, કાર્યક્રમનું જોડાણ, પડેલ મુશ્કેલી અને નવા વર્ષનું પ્લાનિંગ રજુ કર્યુ.

**લેમ્પ :** લેમ્પ હેઠળના ઈમ્પ્રુવીંગ ક્વોલીટી એજ્યુકેશન અને ગર્લ્સ ફોર ટીચ અંગે ગોરધન વાઘેલા અને હાર્દિક ભેવલીયાએ સંયુકત રીતે રજુઆત કરતા જણાવ્યું કે આ શૈક્ષણિક કાર્યક્રમ હોય કોરોનાં સમયમાં પડેલી મુશ્કેલી વચ્ચે કરેલ કામગીરી અને આગામી સમયમાં કરવાની વિવિધ એકટીવીટીની વિગતો રજુ કરી.

**ડેન્ટલ હાઈજીન પ્રમોશન :** કોમ્યુનીટી, શાળા અને આંગણવાડી સાથે થયેલ સંવાદો, ડેટાબેઝ અને આગામી સમયમાં યોજવાનાં ડેન્ટલ ચેકઅપ કેમ્પની વિગતો રમેશભાઈ સોલંકીએ આપીને દંત સ્વચ્છતાં માટે બેઝીક ટીપ્સ જણાવી.

**આઈએનજીજે–૧૪ :** વર્ષ દરમ્યાન ખેતી વિષયક કામગીરી, તાલીમો, જમીન – પાણી સંરક્ષણની બાબતો રજુ કરી અને આગામી વર્ષમાં કરવાની કામગીરીનું આયોજન પ્રવિણભાઈ જાલંધરાએ રજુ કર્યુ હતું.

**આઈએનજીજે–૨૭ :** ભરતભાઈ શિંગડએ ધોકડવા પ્રોજેકટ કલસ્ટરની વાત કરતા જણાવ્યુ કે વર્ષ દરમ્યાન કરેલ અનેકવિધ પ્રવૃતિઓ, સામે આવેલા પડકારો સામનો કરતા રહયા અને પ્રોજેકટની તમામ પ્રવૃતિઓ પુર્ણ કરી. આગામી વર્ષનું આયોજન રજુ કર્યુ. કામગીરી અને ડેટા અપડેટમાં સુધારો લાવવા ખાત્રી આપી હતી.

**આઈએનજીજે–૪૫ :** બાબરા અને અમરેલી તાલુકામાં ચાલતા આ પ્રોજેકટની

**પોતાની જાતને સમય આપો, તમારી પહેલી જરૂરત તમે ખુદ છો.**

વર્ષ દરમ્યાન કરેલ કામગીરી, તાલીમો, મીટીંગોની વિગતો આંકડાં સાથે રજુ કરી તેમજ આયોજનની જાણકારી રાજેશભાઈ રાઠોડએ આપી.

**આઈએનજીજે–૪૬ :** અંવતીકાબેન તંતીએ પ્રોજેક્ટ અંતર્ગત કરવામાં આવેલ કાર્યોને કેવીકે, આત્મા, પ્રોચીફ વિ. સાથે લીંકેજ કરવાના પ્રયાસો સાથે મીટીંગો અને તાલીમોની જાણકારી અને આયોજન રજુ કર્યુ.

**ખેડુત સંગઠનો :** અવિરત, સોરઠ અને જાપકોની વિગતો અનુક્રમે અવંતિકાબેન, રામજીભાઈ અને જયંતીભાઈએ આપી. ખેતી વિષયક પ્રવૃતિઓ, તાલીમ અને ઈનપુટ ખરીદી વેચાણ અને નફાની વિગતો રજુ કરી.

હરિરાજ હસ્તક ચાલતાં **જેન્ડર ઈક્વાલીટી અને લર્નીંગ આસીસ્ટન્સ**ના કામની રજુઆત મેહુલ વાઘેલા અને પાયલ દેસાઈએ કરી. છોકરાઓમાં લીંગ સમાનતાની સમજ તથા બાળકોની શીખવાની જરૂર જાણવાનો પ્રયાસ કરી કરેલ કામની વિગતો જણાવી.

અંતમાં ડાયરેકટરશ્રી ધીરૂભાઈએ જણાવ્યું કે જેમાં ચાઈલ્ડલાઈન ટીમની કામગીરીમાં સુધારો જોવા મળ્યો. ડેન્ટલ–હાઈજીન પ્રમોશન કાર્યક્રમમાં રમેશભાઈનો અનુભવ કામ લાગ્યો. પ્રોડયુસર યુનિટ મેનેજરશ્રીઓના ઓનલાઈન કામગીરીના પ્રયાસો સાથે ડેટા વેરીફીકેશન થતા માહિતીઓ અપડેટ થઈ. લેમ્પમાં કોરોના ગાઈડલાઈનને ધ્યાને લઈને શૈક્ષણિક કાર્ય થયું. લર્નીંગ આસીસ્ટન્સ અને જેન્ડર ઈક્વાલીટીમાં પણ સફળતા મળી છે. તેમ છતાં પુર્ણ ન થઈ શકયા હોય એફપીઓમાં શેર કેપીટલ વધારવી, ચાઈલ્ડલાઈન એલાઈડ સિસ્ટમ સાથે ઘનિષ્ઠ સંકલન કરવું, ડેન્ટલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવું, લક્ષીત સમુહના ટેલીફોન નંબરો સુધારવા બીજ ઉત્પાદન કાર્યને પ્રોત્સાહન જેવી બાબતોનો ઉલ્લેખ કરી દરેક કાર્યકરનો કોરોનાં સમયમાં પણ અવિરત પણે કામગીરી કરવા બદલ સંસ્થા વતી આભાર માન્યો હતો.

ભરતભાઈ વાળાએ ઉપસ્થિત કાર્યકરોનો આભાર માન્યો અને આગામી વર્ષમાં નવા ઉત્સાહ, નવા જોશ અને નિષ્ઠાપૂર્વક કામગીરી માટે શું શુભેચ્છા પાઠવી મીટીંગની કાર્યવાહી પૂર્ણ જાહેર કરી.

– રમેશભાઈ સોલંકી

હોટેલનાં ગ્રાઉન્ડમાં કાર્યકર મિત્રોએ પોત– પોતાની રીતે સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો. જેમાં ગોરધનભાઈ વાઘેલા દ્વારા એલ–૩ મેળવેલ તાલીમ અંગેનાં અનુભવો રજુ કર્યા અને અવંતિકાબેન તંતી દ્વારા વેનલીડોની (સ્ત્રી સશકિતકરણ) મેળવેલ તાલીમની વિગતો ટીમના સભ્યો સાથે રહી એક નાટક દર્શાવ્યુ. જમ્યાબાદ ગરબા કાર્યક્રમમાં મળવાના એનાઉન્સમેંટ સાથે સૌ મિત્રો છુટા પડયા.

**ખૂદને સ્પેશ્યલ સમજો કેમ કે ભગવાન કોઈપણ વસ્તુ ફાલતુમાં નથી બનાવતા.**

## Happy Birthday

| | |
|---|---|
| Mehul Vaghela | 05.03.1998 |
| Mehul Pandya | 07.03.1990 |
| Vishal Bheda | 24.03.1996 |

## In this month

| | |
|---|---|
| 1 | Core team meeting |
| 2 | FPO persons meeting |
| 3 | Farmers workshop Dhokadva |
| 4-5 | TFIx entrepreneur selection process. |
| 5 | FPO Regional Review Meet |
| 8-10 | Capacity building for adoption of technology through exposer visit and training<br>Visit places : NAU, Amalsad and Lachhakadi |
| 13 | lead farmer's workshop, Timbi |
| 13-14 | Annual review meeting |
| 22 | Open house |
| 23-25 | Training of trainers on action for equality |

**પ્રિય વાચક મિત્રો,**
આપની આસપાસ બનતી ઘટનાઓ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2021

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**જીંદગી ત્યારે સફળ ગણાય જ્યારે તમારો પરિચય તમારે ના આપવો પડે.**